KCG-Portal of Journals

Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-30 | March – April 2018

# વારલી આદિવાસીઓમાં શિક્ષણની સ્થિતિનો અભ્યાસ

**પ્રસ્તાવના:**

આદિવાસીઓ ભારત જેવા વૈવિધ્ય ધરાવતા દેશનું અભિન્ન અંગ છે. આદિવાસી સમાજ આજે પણ અન્ય જૂથો કરતાં વિકાસની પ્રક્રિયાઓમાં મુખ્યધારાથી ઘણો પાછળ છે. તેઓ ખાદ્ય સંકલન, શિકાર, ખેતી, મજૂરી, ખેતમજૂરી અને પશુપાલનથી જીવનનિર્વાહ ચલાવે છે. નોકરી અને સારી આવકવાળા વ્યવસાયોમાં આદિવાસીઓનું પ્રમાણ ઘણું ઓછું છે. આજના આધુનિક યુગમાં પણ આદિવાસીઓના સમાજ જીવનમાં પરંપરાગત સામાજિક રૂઢીઓ અને ધાર્મિક માન્યતાઓ ઘણી અગત્યતા ધરાવે છે. આજના આધુનિક પરિવર્તન પામતા સમાજમાં આદિવાસીઓની ઘણી સમસ્યાઓ છે આદિવાસીઓની શૈક્ષણિક સ્થિતિ અન્ય સમાજો કરતાં નબળી છે, તેમજ નબળી આર્થિક સ્થિતિ, શોષણ, દેવું, ગરીબી અને બેરોજગારી તથા નબળું આરોગ્ય જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. શિક્ષણ દ્વારા સમાજનો વિકાસ કરી શકાય છે અને સમાજમાં પરીવર્તન લાવી શકાય છે. 1871-72 પહેલા આદિવાસી વિસ્તારોમાં શાળા શરૂ કરવાના કોઈ વ્યવસ્થિત પ્રયાસો રજવાડાઓ દ્વારા કરાયા નહોતા. તેમ છતાં અંગ્રેજોએ આદિવાસી શિક્ષણમાં રસ દાખવ્યો હોવાનું જણાય છે. સરકારી શિક્ષણની શરૂઆત નર્મદા કિનારે 1864-65માં થયો હોવાનું જણાય છે. 1882માં અંગ્રેજ સરકારે ધ ઇંડિયન એજ્યુકેશન કમિશનની રચના કરી તેમાં આદિવાસીઓના શિક્ષણ માટે તેમને ધ્યાનમાં રાખીને શાળાઓની સ્થાપનાની ભલામણ પણ કરી. ખ્રિસ્તી મિશનરીઓએ પણ આદિવાસીઓને શિક્ષણ મળે તેવા પ્રયત્નો કર્યા. ગાંધીજીના પ્રયત્નો પણ અજાણ્યા નથી. આઝાદી પહેલા મુંબઈ સરકારે આદિવાસીઓને શિક્ષણ મળે તે માટે મંજૂરી આપી. ટૂંકમાં, આદિવાસીઓના શિક્ષણ માટે અંગ્રેજ શાસનના સમયથી પ્રયત્નો થયા છે પરંતુ તેમાં સંપૂર્ણ સફળતા મળી નથી. આજે પણ આદિવાસીઓમાં શિક્ષણના વિકાસની સામે ઘણા પ્રશ્નો યથાવત છે.

**પૂર્વે થયેલા અભ્યાસો :**

**શાહ, વિમલ (૧૯૬૪)** “આદિવાસીઓના પ્રશ્નો” પુસ્તકમાં આદિવાસી સમાજના પુનરુત્થાન માટે અને આદિવાસીઓની સ્થિતિ અને પ્રશ્નો માટે આઝાદી મળી તે પહેલાથી વિવિધ સમિતિઓ નીમવામાં આવી હોવાનું નોંધે છે.

**દુબે, ગિરિજાપ્રસાદે (૨૦૧૦)** “ભારતીય જનજાતિ”-નૃવૈજ્ઞાનિક દ્રષ્ટિમેં પુસ્તકમાં રાજી જનજાતિની વસ્તીશાસ્ત્રીય સ્થિતિ, શૈક્ષણિક મનોવૃત્તિ, સ્વાસ્થ્ય સુવિધાઓ, જાદુ-ટોણાંની પ્રવૃત્તિઓ રહેઠાણની સુવિધા, ધાર્મિક, સાંસ્કૃતિક અને મનોરંજનાત્મક સુવિધાઓનું નિરીક્ષણ અને દેવાની સમસ્યાનો અભ્યાસ કર્યો છે. તેઓ નોંધે છે તેમ, રાજી આદિવાસીઓમાં રોજગારની સમસ્યા સૌથી વધુ છે. ૧૨૦ માંથી ૧૦૨ પરિવારો ગરીબીરેખા નીચે જીવે છે. તેમના ક્ષેત્રમાં સ્વાસ્થ્ય સેવા નહિવત છે. ગરીબીના લીધે ઉચ્ચ શિક્ષણમાં તેમને રસ નથી.

**અભ્યાસના હેતુઓ** :

૧)ભારતમાંઅને ભારતના આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ જાણવું.

૨) વારલી આદિવાસીઓમાં શિક્ષણની સ્થિતિ તપાસવી.

**અભ્યાસની પધ્ધતિ:**

પ્રસ્તુત અભ્યાસમાં ભારતનો શિક્ષણ દર અને ભારતના આદિવાસીઓમાં શિક્ષણ દર જાણીને વારલી આદિવાસીઓમાં શિક્ષણની સ્થિતિ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ભારતનો શિક્ષણ દર અને ભારતના આદિવાસીઓમાં શિક્ષણ દર જાણવા માટે દસ્તાવેજી માહિતી નો ઉપયોગ કરવામાં આવ્યો છે. વારલી આદિવાસીઓ અંગે પૂર્વે થયેલા સંશોધનો અને સંદર્ભ સાહિત્યનો ઉપયોગ કર્યો છે. જ્યારે પ્રાથમિક માહિતી મુલાકાત પદ્ધતિ, મુલાકાત અનુસૂચિ અને નિરીક્ષણ પદ્ધતિ દ્વારા પ્રાપ્ત કરવામાં આવી છે. અભ્યાસનો વિસ્તાર દાદરા અને નગર હવેલી સંઘપ્રદેશની પસંદગી સહેતુક રીતે કરવામાં આવી છે. અથોલા ગામની સહેતુક નિદર્શન પદ્ધતિથી પસંદગી કરવામાં આવી છે.

**કોષ્ટક: ૧-ભારતમાંઅને ભારતના આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ** :

| વર્ષ | ભારતમાંસાક્ષરતાદર % | આદિવાસીઓમાંસાક્ષરતાદર% |
|---|---|---|
| ૧૯૭૧ | ૩૪.૪૫ | ૧૧.30 |
| ૧૯૮૧ | ૪૩.૫૭ | ૧૬.૩૫ |
| ૧૯૯૧ | ૫૨.૨૧ | ૨૯.૬૦ |
| ૨૦૦૧ | ૬૪.૮૩ | ૪૭.૧૦ |
| ૨૦૧૧ | ૭૪.૦૪ | ૫૮.૯૬ |

Source: Census of India, Registrar General of India
Educational Development of SCs and STs, 1995, Department of Education, Ministry of Human Resource Development, GOI, New Delhi. Census of India, 2001: Provisional Population Totals, Registrar-General & Census Commissioner of India, GOI, New Delhi.

ઉપરના કોષ્ટકના આધારે સ્પષ્ટ થાય છે કે ભારતના સામાન્ય શિક્ષણ દર કરતા આદિવાસીઓમાં શિક્ષણ નો દર ઘણો ઓછો જોવા મળે છે.છેલ્લાપાંચ વર્ષના આંકડા જોતાં લાગે છે કે વર્ષ ૧૯૭૧માં ભારતનો સરેરાશ સાક્ષરતા દર ૩૪.૪૫%જેટલો હતો જયારે આદિવાસીઓમાં ૧૧.30% જ હતો.બંને વચ્ચે ૨૩.૧૫% નો તફાવત હતો.છેલ્લા ૨૦૧૧ ના સેન્સસના આંકડા જોતાં ભારતનો સરેરાશ સાક્ષરતા દર ૭૪.૦૪%જેટલો હતો જયારે આદિવાસીઓમાં ૫૮.૯૬% જ થઇ શક્યો છે. ભારતમાં અને ભારતના આદિવાસીઓમાં સાક્ષરતા દરમાં ૧૫.૦૮% નો તફાવત આજે પણ છે તેથી કહી શકાય કે આદિવાસીઓમાં શિક્ષણની સ્થિતિમાં હજુ સુધારો કરવા માટે ધ્યાન આપવાની જરૂર છે.

**વારલી આદિવાસીઓમાં શિક્ષણ** :

ભારતમાં આદિવાસીઓના ૭૦૦થી વધુ સમુદાયો જોવા મળે છે અને આ બધા જ સમુદાયો સામાજિક, આર્થિક અને શિક્ષણના વિકાસના અલગ અલગ તબક્કે ઊભા છે. પ્રસ્તુત અભ્યાસમાં વારલી આદિવાસીઓમાં

શિક્ષણની સ્થિતિ કેવી છે તે જાણવાનો પ્રયાસ થયો છે. અથોલા ગામમાં ૧૦૧૮ જેટલા કુટુંબો રહે છે. અથોલા ગામની કુલ વસ્તી ૪૬૬૮ જેટલી છે. તેમાંથી ૩૮૦૭ આદિવાસીઓની વસ્તી છે તેમાંથી ૨૦૬ વારલી કુટુંબોની શૈક્ષણિક સ્થિતિ તપાસવામાં આવી. જે નીચેના કોષ્ટકના આપવામાં આવી છે.

**કોષ્ટક :૨- વારલી આદિવાસીઓમાં શિક્ષણ**

| ક્રમ | શિક્ષણનો પ્રકાર | વારલી | ટકા |
|---|---|---|---|
| ૧. | અશિક્ષિત | ૨૬૯ | ૨૮.૫૨ |
| ૨. | પ્રાથમિક | ૩૪૧ | ૩૬.૧૬ |
| ૩. | માધ્યમિક | ૨૨૮ | ૨૪.૧૭ |
| ૪. | ઉચ્ચતર માધ્યમિક | ૭૨ | ૭.૬૩ |
| ૫. | ગ્રેજ્યુએટ(બી.એ./બી.કોમ./બી.એસસી.) | ૧૩ | ૧.૩૭ |
| ૬. | પોસ્ટગ્રેજ્યુએટ(એમ.એ./એમ.કોમ./એમ.એસસી.) | ૦૮ | ૦.૮૪ |
| ૭. | એલ.એલ.બી. | ૦ | ૧.૨૭ |
| ૮. | પી.ટી.સી. | ૦૪ | |
| ૯. | બી.એડ. | ૦૨ | |
| ૧૦. | બી.પી.એડ./સી.પી.એડ. | ૦૧ | |
| ૧૧. | ડી.એડ. | ૦૦ | |
| ૧૨. | ડિપ્લોમા | ૦૪ | |
| ૧૩. | એન્જિ. ડીગ્રી | ૦૦ | |
| ૧૪. | નર્સિંગ | ૦૦ | |
| ૧૫. | બી.પી.ઇ. | ૦૦ | |
| ૧૬. | બી.એ.એમ.એસ. | ૦૦ | |
| ૧૭. | બી. ફાર્મ. | ૦૦ | |
| ૧૮. | બી.ડી.એસ. | ૦૦ | |
| ૧૯. | આઈ.ટી.આઈ | ૦૧ | |
| ૨૦. | એમ.ફીલ. | ૦૦ | |
| ૨૧. | પીએચ.ડી. | ૦૦ | |
| | કુલ વ્યક્તિઓ | ૯૪૩ | 100 |

ઉપરના કોષ્ટક -૨ ના આધારે વારલી આદિવાસીઓમાં શિક્ષણની સ્થિતિ સ્પષ્ટ થાય છે.

- વારલી આદિવાસીઓમાં અશિક્ષિતોનું પ્રમાણ હાલમાં પણ ૨૮.૫૨% જોવા મળે છે

- પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હોય તેવા વારલી આદિવાસીઓનું પ્રમાણમાં જોતાં ૩૬.૧૬% છે.

- માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું હોય તેવા વારલી આદિવાસીઓનું પ્રમાણ ૨૪.૧૭% જોવા મળ્યું.

- ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનું પ્રમાણ વારલી આદિવાસીઓમાં ૭.૬૩% જોવા મળ્યું.

-ગ્રેજ્યુએટ (બી.એ./બી.કોમ./બી.એસસી.) શિક્ષણનું પ્રમાણ વારલી આદિવાસીઓમાં ૧.૩૭%જોવા મળ્યું.

-પોસ્ટગ્રેજ્યુએટ (એમ.એ. /એમ.કોમ./એમ.એસસી.) વારલી આદિવાસીઓમાં ૦.૮૪% જોવા મળ્યું.

- ઉપરના કોષ્ટકમાં અનુક્રમ નં.૭ થી ૨૧માં અન્ય પ્રકારના શિક્ષણનો સમાવેશ કરાયો છે. વારલી આદિવાસીઓમાં પ્રમાણ ૨.૬૬% જ જોવા મળ્યું.

- ઉપરના કોષ્ટકના આધારે કહી શકાય કે અભ્યાસ હેઠળના વારલી આદિવાસીઓમાં શિક્ષણ ક્ષેત્રે પ્રાથમિક શિક્ષણ લીધું હોય તેવા વ્યક્તિઓનું પ્રમાણ સૌથી વધારે ૩૬.૧૬% છે. ત્યારબાદ માધ્યમિક શિક્ષણમાં૨૪.૧૭%, ઉચ્ચતર માધ્યમિકમાં ૭.૬૩%, ગ્રેજ્યુએટ કક્ષાએ ૧.૩૭%, પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાએ ૦.૮૪% અને અન્ય પ્રકારના શિક્ષણમાં ૨.૬૬% જેટલું જોવા મળે છે. આ આંકડા દર્શાવે છે કે વારલી આદિવાસીઓમાં હજુ પણ ઉચ્ચ શિક્ષણ પ્રત્યે જાગૃતતાનો અભાવ છે.

**શિક્ષણનું ઓછું પ્રમાણ અને તે માટેનાં કારણો:**

પ્રસ્તુત અભ્યાસમાં વારલી આદિવાસીઓમાં શિક્ષણની સ્થિતિ તપાસવામાં આવી છે. વારલી આદિવાસીઓમાં શિક્ષણની સ્થિતિ આટલી નબળી કેમ છે તેના કારણો પણ જાણવાના પ્રયાસો થયા છે જે નીચે મુજબ છે.

-વારલી આદિવાસીઓમાં શિક્ષણના મહત્વ અંગેની જાગૃતતા ઓછી જોવા મળી.

-વારલી આદિવાસીઓની નબળી આર્થિક સ્થિતિ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે અવરોધ ઊભો કરે છે.

-બાળકના શિક્ષણ માટે માતા-પિતાની સજાગતા ઓછી હતી.

-શિક્ષણ છોડી દેનાર બાળકો નાપાસ થયા પછી શાળામાં જવા માંગતા નહોતા.

-કુટુંબની આવકમાં મદદ કરવા કંપનીમાં કામદાર તરીકે જોડાવા માટે શિક્ષણ છોડી દેતા હતા.

**અભ્યાસનું મહત્વ :**

પ્રસ્તુત અભ્યાસ આદિવાસીઓની નિરક્ષરતાની સમસ્યાને દુર કરવા ઉપયોગી બનશે. આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધારવા માટે તેમની સાથે સંકળાયેલી ગરીબી, બેરોજગારી, દેવું જેવી સમસ્યાઓને દુર કરવી પડશે. આદિવાસીઓનું ઉચ્ચ શિક્ષણમાં પ્રમાણ વધે તે માટેના પ્રયાસો કરતી એન.જી.ઓ. અને વહીવટકર્તાઓને આ અભ્યાસ ઘણો ઉપયોગી બની રહેશે.

**નિષ્કર્ષ :**

ભારતના આદિવાસીઓના ઘણા પાયાના પ્રશ્નો હજુ હલ કરી શકાયા નથી તેથી નિરક્ષરતાનો પ્રશ્ન ઊભો છે. ભારતના આદિવાસીઓ જળ, જંગલ અને જમીન સાથે જોડાયેલા છે. તેઓ આધુનિક શિક્ષણ તેમના સામાજિક-આર્થિક જીવનમાં વધુ ઉપયોગી માનતા નથી. ઉપરાંત તેમના ગરીબી, બેરોજગારી જેવા પ્રશ્નો

ગંભીર છે. આ બધા કારણોસર તેઓ શિક્ષણ પ્રત્યે રસ દાખવતા નથી. મિશનરીઓના પ્રયાસોથી આદિવાસીઓના કેટલાક વિસ્તારોમાં આદિવાસીઓએ શિક્ષણ મેળવ્યું છે કેટલાક વિસ્તારોમાં તો શૈક્ષણીક સંસ્થાઓનો અભાવ જોવા મળે છે. ઉપરાંત આદિવાસીઓ માટે શિક્ષણનું માધ્યમ, ભાષાની સમસ્યા, સંસ્થાઓમાં સુવિધાનો અભાવ, શિક્ષકોની ગેરહાજરી જેવા પ્રશ્નો પણ છે. આ બધા કારણોસર આદિવાસીઓમાં શિક્ષણનો વિકાસ સરળ બનતો નથી. શાહ (૧૯૬૪) "આદિવાસીઓના પ્રશ્નો" પુસ્તકમાં આદિવાસીઓના શિક્ષણ અંગેની સમિતિઓ વિષે અને દુબે (૨૦૧૦) "ભારતીય જનજાતિ"-નૃવૈજ્ઞાનિક દ્રષ્ટિમેં પુસ્તકમાં રાજી જનજાતિની વિવિધ સમસ્યાનો અભ્યાસ કરીને જણાવે છે કે ગરીબી, બેરોજગારી જેવી સમસ્યાઓના કારણે તેમને શિક્ષણમાં રસ નથી.

અથોલા ગામમાં દરેક ફળિયામાં પ્રાથમિક શાળા છે પરંતુ માધ્યમિક શિક્ષણમાટે બાજુના ગામ ગલોંડામાં હાઇસ્કુલ છે ત્યાં શિક્ષણ લેવા જાય છે. જો કે આ શાળાનું પરિણામ ઘણું નબળું હોવાથી ધોરણ દસમાં નાપાસ થયા પછી મોટાભાગના બાળકો આગળ અભ્યાસ કરતા નથી. અથોલા ગામમાં ત્રણ કંપની આવેલી છે જેમાં આ ગામના લોકો અર્ધ કુશળ કે અકુશળ કામદાર તરીકે જોડાય છે. તેમને પાંચ હજારથી લઈને દસ હાજર સુધીનું વેતન મળે છે.

પ્રસ્તુત અભ્યાસના આધારે સ્પષ્ટ થાય છે કે વારલી આદિવાસીઓમાં નિરક્ષરતા ૨૮.૫૨% જેટલી જોવા મળી. વારલી આદિવાસીઓમાં શિક્ષિત વ્યક્તિઓમાં પણ પ્રાથમિક શિક્ષણ પામેલા વધુ જોવા મળ્યા જયારે માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ અને અન્ય પ્રકારનું શિક્ષણ ઓછું જોવા મળ્યું. આમ, વારલી આદિવાસીઓમાં શિક્ષણના વિકાસ માટે લોકો શિક્ષણનું મહત્વ સમજે તેવા પ્રયાસો કરવા જોઈએ. શિક્ષણ મેળવવા માટે તેમને પડતી મુશ્કેલીઓને દુર કરવાના પ્રયાસો કરીને શિક્ષણનું પ્રમાણ વધારી શકાય.

## સંદર્ભ:


I. દવે, હર્ષિદા. (2005). માનવશાસ્ત્ર. યુનિવર્સિટીગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

II. દુબે, ગિરિજાપ્રસાદે (૨૦૧૦) "ભારતીય જનજાતિ"-નૃવૈજ્ઞાનિક દ્રષ્ટિમેંનઇ દિલ્લી: અર્જુન પબ્લિશિંગ હાઉસ.

III. Enthoven, R. E. (1975). The Tribes and Castes. Cosmo Publications, Delhi.

IV. Fransis, K.M.,(2006).Tribal Development a Study of Internal Factors. Ph.D. Thesis, Dept. of Economics, Univesity of Calicut.

V. મુસ્તાલી, મસવી. (1983). ગુજરાતના આદિવાસીની અર્થવ્યવસ્થા. અમદાવાદ: ગુજરાત વિદ્યાપીઠ.

VI. પંડ્યા, ગૌરીશંકર. (1992). વારલી જાતિનો સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ. અમદાવાદ: ગુજરાત વિદ્યાપીઠ.

VII. શાહ, વિમલ. (1964). પ્રથમ આવૃત્તિ. આદિવાસીઓના પ્રશ્નો. અમદાવાદ : ગુજરાત વિદ્યાપીઠ.

VIII. T.Brahmanandam and T.BosuBabu. Educational Status among the Scheduled Tribes: Issues and Challenges. The NEHU Journal, ISSN. 0972 - 8406 Vol XIV, No. 2, July-December 2016, pp.69-85. Retrieved on 26, Aug.2017

## Websites:


I. http://www.census2011.co.in/literacy.php Retrieved on 26, Aug.2017

II. http://planningcommission.nic.in/plans/planrel/fiveyr/10th/volume2/v2_ch4_2.pdfRet Retrieved on 26, Aug.2017


***************************************************************************


ગીતાબેન પાનિયાભાઈ ગામીત

આસિસ્ટંટ પ્રોફેસર

સમાજશાસ્ત્ર

ડૉ. એપીજે અબ્દુલ કલામ સરકારી કોલેજ


Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat